Tuesday
13.08.2024
✳Volume :9 ✳ Issue No.26
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

દેશને વિકસિત કરવાની વિશેષ જવાબદારી યુવાનોની છે: કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. માંડવિયા

ઈન્ટરનેશનલ યુથ દિવસ પર આયોજિત ઈમ્પેક્ટ વીથ યુથ કોક્લેવ ૨૦૨૪માં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી માંડવિયાની ખાસ ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ,

ઈન્ટરનેશનલ યુથ દિવસ પર આયોજિત ઈમ્પેક્ટ વીથ યુથ કોક્લેવ ૨૦૨૪દરમિયાન કેન્દ્રીય યુવા બાબતોના મંત્રી ડો. મનસુખ માંડવિયાએ, યુનિસેફના ભારતના પ્રતિનિધિ સિન્ થીયા મેકેડફરી, યુનિસેફ ગુજરાતના ચીફ પ્રશાંતા દાસ્ પ્રેસિડેન્ટએલેક્ઝર ફાઉન્ડેશન અને ગુજરાત રાજયના ૩૩ જિલ્લામાંથી ઉપસ્થિત યુવા મિત્રોની ઉપસ્થિતિમાંસંબોધન કર્યુ હતું. ડો. માંડવિયાએ કહ્યું હતું કે કોઈપણ દેશની તાકાત યુવાઓ હોય છે. આપણા દેશમાં સૌથી વધુ એટલે ૬૦કરોડથી વધુયુવાઓ રહે છે. એટલે ભારત આજે યુવા દેશ તરીકે વિશ્વમાં ઓળખાય છે. ડો. માંડવિયાએ કહ્યું હતું, 'પ્રધાનમંત્રી શ્રી મોદીજીએ કહ્યું કે છે કે જ્યારે દેશ સ્વતંત્રતા દિવસની શતાબ્દિ વર્ષ ઉજવતું હોય ત્યારે એટલે કે ૨૦૪૭માં, દેશની આઝાદીના ૧૦૦ વર્ષથયા હોય ત્યારે આપણે દેશને વિકસિત કરવાનુંછે. વિકસિત ભારતની જવાબદારી કોની, તો મોદીજીએ કહ્યું કે, એક સરકાર પ્રયાસકરે, દેશનાપ્રધાનમંત્રી તરીકે મોદીજી એકલા પ્રયાસ કરે, જી નહી... માત્ર મંત્રીમંડળપ્રયાસ કરે, ના, મોદીજીએ કહ્યું છે કે આ દેશ ૧૪૦ કરોડ લોકોનો છે. ત્યારે આપણાં સૌની સામુહિક જવાબદારી છે કે આપણે દેશને વિકસિત બનાવીએ. અને જ્યારે દેશને વિકસિત કરવાની સામૂહીક જવાબદારી હોઈ ત્યારે હું માનું છું કે યુવાનોની વિશેષજવાબદારી છે. અને વિકસિત બનાવવા માટે તે જરુરીનથીકે કોઈ સરકારમાંહોય તેજ તેને વિકસિત બનાવીશકે. ના. દેશનોદરેક નાગરિક, દરેક યુવાન એ સંકલ્પબદ્ધ થાય કે મારે મારા દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવો છે, ડેવલપ બનાવવો છે. એ વિકસિત ભારત બનાવવા માટે કરવાનું શું. તો તે યુથેઆપણા દેશ પ્રત્યે કર્તવ્ય અદા કરવાનું છે. પણ કઈ રીતે. હું એવું માનું છું કે તમે જ્યાં છો ત્યાં, જે કામ સાથે જોડાયેલા છો તે, તમે જે વ્યવહાર કરો તે, તમે જે કામ કાજ કરો તે, દરેકજગ્યાએ તમારેતમારી જાતને રાષ્ટ્ર સાથે જોડવી પડશે.'' ડો. માંડવિયાએ કહ્યું હતું કે હું સ્પોર્ટ્સ મિનિસ્ટર છું. મારા દેશમાં સારા ખેલાડીઓનું નિર્માણ થાય, મારા દેશના ખેલાડીઓને સારી તક મળે... હું ભારત સરકારનો યુથ અફેર્સમિનિસ્ટર છું.. મારા દેશના યુવાનો માટે હું ઉત્તમ શું કરી શકું. જેથી કરીને મારા દેશના યુવાનો આગળ વધીને પોતાનું અને દેશનું નામ રોશન કરી શકે. આ વિચાર જો મને સતતઆવશે ને તો કેટલીક એવી પોલિસી નીકળશે જે પોલિસી યુવાનોને દેશને દિશાઆપશે. કોઈ પણ કામ્ માટે તમેપોતાને એકાકાર કરવાનો પ્રયાસ કરશો તો કમીન્ટમેન્ટ અને ડેડિકેશન સાથે કામ કરવું. ડો. માંડવિયાએ યુથ કોક્લેવમાંસંબોધન કરતા યુવાઓને આહ્વાન કરતા કહ્યુ કે, વર્તમાન સમયમાં જીતવા માટે વેપન કયું હોય.. તોહાલડિજિટલ પાથવેછે.. ડિજિટલટૂલછે... ત્યારેસરકાર પણ સમયની સાથેમારા દેશને તક મળે તે માટે માય ભારત ડિજિટલ પ્લેટફોર્મ લઈને આવ્યું છે. મારો આગ્રહ છે કેએક વખતમાય ભારત ડિજિટલ પ્લેટફોર્મ પર રજિસ્ટર કરજો. મેં નક્કીકર્યું છેકે આગામી દિવસમાં આ પ્લેટફોર્મ મારે યુથ માટે સિંગલ વિન્ડો બનાવવું છે. એટલેયુથની કોઈપણ જરુરિયાત, માહિતી, કરિયર માટે કોઈ એપ્લિકેશન કરવીહોય.. કરિયર માટે કોઈ પણ જરુરિયાત હોય, કોઈ માહિતીલેવી હોય.. કોઈ ફોર્મ ભરવુંહોય...માત્રરાષ્ટ્રીયનહીંપણ આંતરરાષ્ટ્રીય લેવલે સુધી યુઝફુલ થઈ શકે. જોબ લેવાથી આપવા સુધીનો પાથવેથી ગેટવે તૈયાર કરી શકે એ પ્રકારનું પ્લેટફોર્મ માય ભારત થવાજઈ રહ્યુંછે.'' કેન્દ્રીય મંત્રી ડો. માંડવિયા ' આંતરરાષ્ટ્રીય યુવા દિવસના ઉપક્રમે યુનિસેફ , યુનિસેફ યુવાહ, એલિકસર ફાઉન્ડેશન અને કેન્દ્રીય યુવા અને રમત મંત્રાલય દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા

હાથીઓ આપણી સંસ્કૃતિ અને ઈતિહાસ સાથે જોડાયેલા છે: પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ હાથીઓની સુરક્ષા માટે વ્યાપક સમુદાયના પ્રયાસોની પ્રશંસા કરી

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ હાથી દિવસના અવસરે હાથીઓના રક્ષણ માટેના વ્યાપક સમુદાયના પ્રયાસોની પ્રશંસા કરી છે. શ્રી મોદીએ હાથીઓને અનુકૂળ રહેઠાણ મળે તે સુનિશ્ચિત કરવા માટે શક્ય તેટલા પ્રયાસ કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર પણ કર્યો જ્યાં તેઓ સારીરીતે ઉછરી શકે. પ્રધાનમંત્રીએ હાથીઓના મૂલ્ય અને આપણી સંસ્કૃતિ અને ઈતિહાસમાં તેમના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે છેલ્લાં કેટલાંક વર્ષોથી હાથીઓની સંખ્યામાં થયેલા વધારાની પ્રશંસા કરી છે. પ્રધાનમંત્રીએ X પર પોસ્ટ કર્યું: "વિશ્વ હાથી દિવસ એ હાથીઓની રક્ષા માટેના સમુદાયના પ્રયત્નોની વિશાળ શ્રેણીની પ્રશંસા કરવાનો પ્રસંગ છે. સાથે જ હાથીઓને અનુકુળ આવાસ પ્રદાન કરવા માટે શક્ય તેટલા પ્રયાસ કરવાની પોતાની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે, જ્યાં તેઓ સારી રીતે ઉછરી શકે. ભારતમાં આપણા માટે હાથી આપણી સંસ્કૃતિ અને ઈતિહાસ સાથે પણ જોડાયેલા છે. અને તે આનંદની વાત છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં, તેમની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

૭૫મા વન મહોત્સવની જિલ્લા કક્ષાની ઉજવણી ગાંધીનગરમાં માણસા તાલુકાના રીદ્રોલ ગામ ખાતે કરવામાં આવી

''વિકાસમાં અડચણ બનતા હજારો વૃક્ષોનું છેદન થાય તેની સામે લાખો કરોડોની સંખ્યામાં વૃક્ષો વાવી તેનું જતન કરવું એ સૌની નૈતિક ફરજ છે''- મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા

'એક પેડ મા કે નામ' અંતર્ગત ૫૧ હજાર વૃક્ષો વાવી મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા ની ઉપસ્થિતિમાં વન મહોત્સવની ઉજવણી કરાઈ

''માતા અને બાળકનો જે સંબંધ છે, શરીર અને શ્વાસનો જે સંબંધ છે તે જ સંબંધ વૃક્ષો અને જીવનનો છે''- મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાંઆવેલા રીદ્રોલ ગામે 'એક પેડ મા કે નામ' અંતર્ગત ૭૫મા વન મહોત્સવની જિલ્લા કક્ષાની ઉજવણી રાજયસહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ની અધ્યક્ષતામાં કરવામાં આવી. મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આ કાર્યક્રમ અંતર્ગત પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, રીદ્રોલમાંજે ૪૦હજાર વૃક્ષોનું વાવેતર જવા થવા જઈ રહ્યું છે તે તેમના જન્મદિવસની અણમોલ ભેટ છે.પણ તેમના ૫૧ વર્ષ પૂર્ણ થતા આ પ્રસંગે ૧૧ હજાર વૃક્ષોની ભેટ તેમના તરફથી ઉમેરી ૫૧ હજાર વૃક્ષોનું વન તૈયાર થશેજે તેમના માટે આજીવન યાદગાર પ્રસંગ બની રહેશે. આ સંદર્ભે વધુમાં તેમણે જણાવ્યું હતું કે, 'માતા અને બાળકનો જે સંબંધ છે, શરીર અને શ્વાસનો જે સંબંધ છે તે જ સંબંધ વૃક્ષો અને જીવનનો છે. એટલે વિકાસમાં અડચણ બનતા હજારો વૃક્ષોનું છેદન થાય તેની સામે લાખો કરોડોની સંખ્યામાં વૃક્ષોવાવી તેનુંજતન કરવું એ સૌની નૈતિક ફરજ છે. જે સરકાર અને પ્રજાના સહિયારા પ્રયાસ થકી જ શક્ય બની શકે છે.'

માણસાના ગ્રામજનો વચ્ચે આ વાત મુકતા તેમણે હાજર સૌને પ્રતિજ્ઞા લેવડાવતા કહ્યુ હતુકે, 'જ્યારે પણ કોઈના ઘરે બાળક જન્મેત્યારે અને કોઈપણ વ્યક્તિનુંમૃત્યુ થાય ત્યારે બધાએ ભેગામળી એક વૃક્ષની રોપણી કરવી. કોઈનો જન્મદિવસ હોય, લગ્ન દિવસ હોય તેની ઉજવણીના ભાગરૂપે પણ આ ક્રમ જળવાઈ તોજન્મેલાને આવકારવાઅને મૃત્યુ પામેલાને શ્રદ્ધાંજલિ આપવા માટે આનાથી શ્રેષ્ઠ બીજું કંઈ જ નથી. એક વૃક્ષ તમારા સ્વજનની યાદમાં ઉછેરી તમે ગુમાવેલા સ્વજનને વૃક્ષમાં જીવંતરાખી શકો છો.' આ સાથેજ રાજ્ય સરકારની વિચારણા અંતર્ગત ખેડા અને મહેસાણા જિલ્લામાં પ્રાયોગિક ધોરણે ચાલુ થનારવૃક્ષ ઉછેરની યોજના અંગે તેમણે માહિતીઆપતા જણાવ્યું હતુંકે, આ યોજનામાં કોઈપણ ખેડૂત તેમના ખેતર, ઘર કે ખેતરના સેઢા પર એક વૃક્ષ વાવે તેને વન વિભાગમાં રજિસ્ટ્રેશન કરાવી યોગ્ય ઉછેર કરે તો ક્રેડિટ સ્વરૂપે ખેડૂતના ખાતામાં સરકાર દ્વારા પૈસા નાખી આ કાર્ય માટે તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે. વધુમાં તેમણે કાર્યક્રમ અંતર્ગત પ્રાકૃતિક ખેતી અભિયાન પરપણ ભાર મુકતા માણસાના દરેક ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરી પ્રકૃતિનું રક્ષણ કરવા તથા પ્રકૃતિના રક્ષણમાં સહયોગી બનવા અનુરોધ કર્યો હતો. આ સાથે જ કાર્યક્રમમાં ઉપસ્થિત સાંસદશ્રી મહેસાણા, હરિભાઈ એન.પટેલ તથા માણસાના ધારાસભ્યશ્રી જે. એસ. પટેલે પ્રાસંગિક ઉદબોધન કરીવૃક્ષોનું જતન અને માવજત અંગે ગ્રામજનોનેસંદેશ આપ્યો હતો. તથા અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ગુજરાત રાજ્યના શ્રી યુ. ડી સિંઘ દ્વારા પ્રાસંગિક ઉદબોધનમાં રાજ્ય સરકાર દ્વારા વનીકરણ માટે લેવાયેલા પગલાં અંગે માહિતીઆપવામાં આવીહતી. ૭૫મા વન મહોત્સવના આ કાર્યક્રમમાં ગાંધીનગર કલેક્ટરશ્રી મેહુલભાઈ દવે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શિલ્પાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી. જે પટેલ, નાયબ વન સંરક્ષકશ્રી ગાંધીનગર ચંદ્રેશકુમાર શાનદ્રે તથા માણસા પરીક્ષેત્ર વન અધિકારીશ્રી એલ. વી ડામોર સહિત જિલ્લા અને તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ તથા પદ અધિકારીઓ અને વન વિભાગના કર્મચારીઓ સહિત રીદ્રોલ ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાહતા.

ધારાસભ્યશ્રી જે. એસ. પટેલે પ્રાસંગિક ઉદબોધન કરી વૃક્ષોનું જતન અને માવજત અંગે ગ્રામજનોને સંદેશ આપ્યો હતો

ભારત, માલદીવે ૧,૦૦૦ સિવિલ સર્વિસ અધિકારીઓને તાલીમ આપવા માટે સમજૂતી કરારનું નવીનીકરણ કર્યું

વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર અને તેમના માલદીવિયન સમકક્ષ એફએમ મૂસા ઝમીરે માલેમાં ક્ષમતા નિર્માણ માઉનું નવીનીકરણ કર્યુ

નેશનલ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ એન્ડ સિવિલ સર્વિસીસ કમિશન પાર્ટનરશિપ: ૨૦૨૪-૨૦૨૯ સુધીના પાંચ વર્ષના સમયગાળામાં તાલીમ માટે MoU

કમલમ્ ન્યુઝ,

ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને માલદીવનાં વિદેશ મંત્રી શ્રી મૂસા ઝમીરે ૨૦૨૪-૨૦૨૯નાં ગાળા દરમિયાન માલેનાં માલેમાં માલેનાં માલેમાં ૯ ઓગસ્ટનાં રોજ બંને દેશો વચ્ચે વિકાસ ભાગીદારીની ચર્ચાનાં ભાગરૂપે માલેનાં ૧૦૦૦ અધિકારીઓનાં ક્ષમતા નિર્માણ માટે સમજૂતીકરાર (એમઓયુ)નું નવીનીકરણ કર્યું હતું.

વિદેશ મંત્રાલયનાં માર્ગદર્શન હેઠળ નેશનલ સેન્ટર ઑફ ગુડ ગવર્નન્સ એનસીજીજીજીએ બાંગ્લાદેશ, તાન્ઝાનિયા, ગામ્બિયા, માલદિવ્સ, શ્રીલંકા અને કંબોડિયાનાં સનદી અધિકારીઓ માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કર્યું છે, જેમાં લેટિન અમેરિકન દેશો અને એફઆઈપીઆઈસી/આઈઓઆર દેશો માટે બહુદેશીય કાર્યક્રમો સામેલ છે. ક્ષમતા નિર્માણની પહેલના ભાગરૂપે ભારત સરકારનાં નેશનલ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ (એનસીજીજી) અને પ્રજાસત્તાક માલદિવ્સનાં સિવિલ સર્વિસ કમિશન વચ્ચે ૮ જૂન, ૨૦૧૯નાં રોજ માલદીવનાં ૧૦૦૦ સનદી અધિકારીઓ માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમો માટે સમજૂતીકરાર (એમઓયુ) થયાં હતાં. વર્ષ ૨૦૨૪ સુધીમાં નેશનલ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ (એનસીજીજી)એ માલદિવનાં સરકારી અધિકારીઓ માટે ફિલ્ડ એડમિનિસ્ટ્રેશનમાં કુલ ૩૨ ક્ષમતા નિર્માણ કાર્યક્રમો માટે માલદીવનાં સ્થાયી સચિવો, મહાસચિવો અને ઉચ્ચ-સ્તરીય પ્રતિનિધિઓ સહિત કુલ ૧૦૦૦ સનદી અધિકારીઓને તાલીમ આપવાની કામગીરી પૂર્ણ કરીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે,

જેમાં ભ્રષ્ટાચાર વિરોધી પંચ (એસીસી) માટે એક કાર્યક્રમ અને માલદીવની ઈન્ફોર્મેશન કમિશન ઓફિસ(આઈસીઓએમ) માટેનો એક કાર્યક્રમ સામેલ છે. આ જોડાણની સફળતાને માન્યતા આપીને માલદીવનાં વિદેશી બાબતોના મંત્રાલયેઆ એમઓયુને વધુ પાંચ વર્ષ માટે નવેસરથી શરૂ કરવાની વિનંતી કરી હતી. ૯ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ, એમઓયુનું સત્તાવાર રીતે નવીકરણ કરવામાં આવ્યું હતું, જેમાં ૨૦૨૯ સુધીમાં માલદીવના વધુ ૧,૦૦૦ સનદી અધિકારીઓને તાલીમ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. આ નવેસરથી ભાગીદારી જાહેર નીતિ, શાસન અને ફિલ્ડ એડમિનિસ્ટ્રેશનમાં માલદીવના સનદી અધિકારીઓની ક્ષમતાઓને વધારવાનું ચાલુ રાખશે, જે નાથી ભારત અને માલદીવ્સ વચ્ચેના સંબંધો વધુ મજબૂત થશે. નેશનલ સેન્ટર ઑફ ગુડ ગવર્નન્સ (એનસીજીજી) કેટલાંક દેશોમાં જાહેર નીતિ અને શાસન પર જ્ઞાનનાં આદાન-પ્રદાન અને જોડાણને પ્રોત્સાહન આપવા કટિબદ્ધ છે. તેના મધ્ય-કારકિર્દી ક્ષમતા નિર્માણ કાર્યક્રમો નાગરિક-કેન્દ્રિત શાસન, સેવાની ડિલિવરીમાં સુધારો કરવા અને શાસનમાં નવીનતાઓને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકે છે. આ કાર્યક્રમો નાગરિકોનાં ડિજિટલ સશક્તીકરણ અને સંસ્થાઓનાં ડિજિટલ પરિવર્તનમાં ભારતની શ્રેષ્ઠ પદ્ધતિઓ પણ પ્રદર્શિત કરે છે.

તંત્રી સ્થાનેથી......

ગુજરાતની સાથે સાથે ઉપરવાસમાં થઈ રહેલા વરસાદના પરિણામે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૯૦ ટકાથી વધુ જળ સંગ્રહ નોંધાયો છે. સરદાર સરોવર યોજનામાં હાલમાં ૩,૦૦,૪૦૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહશક્તિના ૮૯.૯૨ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે આ સિવાય રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩,૪૬,૮૫૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૬૧.૯૨ટકા જેટલો જળસંગ્રહ નોંધાયોછે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાંજણાવાયું છે. રાજ્યમાં વરસીરહેલા વરસાદના પરિણામે ૪૯ જળાશયો સંપૂર્ણ ભરાયેલા જ્યારે ૧૩ જળાશયો ૯૦ ટકાથી૧૦૦ ભરાતાહાઈ એલર્ટ જાહેર કરાયાછે. આસિવાય સરદાર સરોવરસહિત રાજ્યના ૪૦ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. આ ઉપરાંત ૨૦ ડેમ ૫૦ થી ૭૦ ટકા ભરાતા વોર્નિંગ આપવામાં આવીછે જ્યારે ૪૧ ડેમ ૨૫થી૫૦ ટકા ભરાયાછે. આજે સવારે ૮.૦૦કલાકના અહેવાલ મુજબ ઉપરવાસમાંભારે વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવરમાં ૨,૬૭,૮૦૭ ક્યુસેક જ્યારે ઉકાઈ યોજનામાં ૬૦,૫૩૪ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ૧૩જળાશયોમાં ૭૫.૩૭ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં૫૩.૧૭ટકા, કચ્છના ૨૦જળાશયોમાં ૫૧.૪૮ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૫૦.૪૮ ટકા તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૯.૬૫ટકા પાણીનો સંગ્રહ થયોછે તેમ, યાદીમાં વધુમાં જણાવાયું છે.

જે.પી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજભરૂચ ખાતે ૭૫મા વન મહોત્સવની ઉજવણી માન. રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષપદે કરાઈ

જનની સાથેની આત્મિયતાને જાળવવા અથવા એક વૃક્ષ વાવી તેનું જતન કરવા અનુરોધ કરતા વન મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ

કમલમ્ ન્યુઝ,ભરૂચ

જે.પી.આર્ટસએન્ડ સાયન્સ કોલેજ ભરૂચ ખાતે ૭૫માં જિલ્લાકક્ષાના વનમહોત્સવની ઉજવણી માન. રાજ્ય કક્ષાના મંત્રી વનઅને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ જળ સંપત્તિ અને પાણી પુરવઠા, ગુજરાત મંત્રીશ્રી મુકેશભાઈ અધ્યક્ષપદે કરવામાં આવી હતી. સ્વાગત પ્રવચનમાં નાયબ વન સંરક્ષક શ્રીમતી ઉર્વશી પ્રજાપતીએ કાર્યક્રમની રૂપરેખા આપીને વન મહોત્સવની શુભકામનાઓ પાઠવી હતી. અત્રે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું તુલસીના રોપાઓથી સ્વાગત કરાયુ હતું. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજની વિદ્યાર્થીનીઓએસાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. મંત્રીશ્રી મુકેશભાઈએ કાર્યક્રમ દરમ્યાન કહ્યું હતું કે, વન મહોત્સવ આપણે વર્ષોથી ઉજવતા આવ્યા છીએ પણ આઉત્સવને લોકઉત્સવબનાવવાનું અને ગામે- ગામસુધી પહોચાડવાનુ કામ સાચા અર્થમાં દેશના વડાપ્રધાનશ્રીએ કર્યુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીદ્વારા શરૂ કરાયેલું 'એક પેડ માં કે નામ' અભિયાનને સફળબનાવવા દરેક નાગરિકોનું યોગદાન જરૂરી છે. આપણાઘરમાં દીકરીનોજન્મ થાય કે અન્ય શુભ દિવસે એક છોડ વાવવા તેમજ અન્યોને પણ એમ કરવા પ્રોત્સાહિત કરવાનો સંકલ્પ લેવા જણાવ્યું હતું. સામાન્ય દીવાસળીની લઈઘરના નિર્માણમાં બહોળા પ્રમાણમાં ઉપયોગી થતા લાકડાનું મહત્વ સમજાવી પોતાના ઘરનીઆજુબાજુની કેઅન્ય ખાલી જગ્યાઓમાં વૃક્ષો વાવવા સ્થાનિક તંત્રને હિમાયત કરી હતી. એક પેડ માં કે નામ અભિયાનમાં આપણે સૌએ જોડાઈને જનની સાથેની આત્મિયતાને જાળવવા અને એક વૃક્ષવાવી તેનુંજતન કરવુંજ જોઈએ તેમતેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. ૭૫માં વનમહોત્સવમાં ૧૪૦ કરોડજેટલા વૃક્ષોવાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. ત્યારે ગુજરાતમાં આજે ૮ કરોડ વૃક્ષો સામાજિક સંસ્થાઓ, વન વિભાગ, શાળાઓ અને સામાન્ય નાગરિકોના સંયુક્ત પ્રયાસથી વાવેતર કરી ચૂક્યા છે. અંતે, રાજ્યમાં વૃક્ષાચ્છાદિત વિસ્તારર વધારીને ગુજરાતની ધરતીને વધુ હરિયાળી બનાવવાનાઉત્સવ-'વન મહોત્સવ'માં સહભાગી થઈ ગ્રામજનોને વધુમાં વધુ વૃક્ષો ઉછેરવા તેમણેહાંકલ કરીહતી. આ પ્રસંગે, અગ્ર મુખ્ય વન સંરક્ષક, નાંણાકીય વ્યવસ્થાપન ગુજરાત રાજ્ય ગાંધીનગર એન.શ્રીવાસ્તવે પ્રાસંગિગ ઉદબોદન આપતા કહ્યું કે, કલાઈમેટના પડકારો સામે વૃક્ષનોઉછેર ખૂબ મહત્વનું સાબિત થનાર છે ત્યારે આ પડકારોને પહોંચી વળવા વધુ ને વધુ વૃક્ષો વાવવા તેમણે અનુરોધ કર્યો હતો. આ વેળાએ સાંસદશ્રી મનસુખભાઈ વસાવાએ પણ પ્રાસંગિક પ્રવચનમાં ઉપસ્થિતોને ''એક પેડ માં નામ'' અંતર્ગત વૃક્ષ ઉછેરવાની હાંકલ કરી હતી. આદિવાસી સમાજમાં જન્મ થી લગ્ન અને છેકમરણ પ્રસંગો સુધી વૃક્ષો સાથેસંકળાયેલા છે. એટલે જ જળ, જમીન અને જંગલના રખેવાળની ઉપાધિ મળી છે ત્યારે સમૃદ્ધ રાષ્ટ્ર અને આત્મનિર્ભર ભારત બનાવવા, રાષ્ટ્રની ઉન્નતિ માટે આપણે સૌએ પર્યાવરણની જાળવણી કરવી આપણી પવિત્ર ફરજ છે. છોડમાં વસે રણછોડની ઉક્તિને સાર્થક બનાવવા વૃક્ષ ઉછેરવાની હાંકલ કરી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અને રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ અને મહાનુભાવોના હસ્તે વૃક્ષરથને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે વનવિભાગના અધિકારીઓ કર્મચારીઓ સહિત જિલ્લાની સામાજિક સંસ્થાઓને પર્યાવરણ સંરક્ષણમાં નોંધપાત્ર કામગીરી કરવાબદલ પ્રશસ્તિ પત્રઅને શિલ્ડ તથા ચેક પ્રતિકૃતિ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે, ભરૂચ જિલ્લા સાંસદ સભ્ય શ્રી મનસુખભાઈ વસાવા, ભરૂચ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મહેન્દ્રસિંહ વાંસદીયા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રીમતી આરતી પટેલ, ધારાસભ્ય સર્વશ્રી, ભરૂચના ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રી, વાગરાના ધારાસભ્ય શ્રી અરૂણસિંહ રણા, અગ્ર મુખ્ય વન સંરક્ષક, નાંણાકીય વ્યવસ્થાપન ગુજરાત રાજ્ય ગાંધીનગર વરિષ્ઠ અધિકારીશ્રી એન. શ્રીવાસ્તવ, જિલ્લા કલેક્ટરશ્રી તુષાર સુમેરા, અધિક નિવાસી કલેક્ટરશ્રી એન.આર. ધાધલ, નાયબ વન સંરક્ષક સામાજીક વનીકરણ વિભાગ ભરૂચ તેમજ ખેડૂતો, એનજીઓ અને એફપીઓના સભાસદો અને મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓઉપસ્થિત રહ્યા હતાં.

કમલમ્ ન્યુઝ,

સાકળચંદપટેલ યુનિવર્સિટી માંશ્રી સી જે પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડી (બી.સી.એ) કોલેજ ખાતે ધ ગ્રાન્ડ ખોડીયાર હોટલમાં તારીખ:-૩/૮/૨૦૨૪ ને શનિવાર ના રોજ ફ્રેશરપાર્ટીનું આયોજન કરવામા આવ્યું હતુ. જેમા નવીન વિદ્યાર્થીઓને સીનીયર્સ, ફેકલ્ટી મેમ્બર્સ તથા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.હર્ષદભાઈ પ્રજાપતિ દ્વારા ઉત્સાહભેર આવકારવામાં આવ્યા હતા. તેમજ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૩ કરતા વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમજ ફેકલ્ટી મેમ્બર્સ પણ વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા. જેમનું માર્ગદર્શન હંમેશા રાહબર રહ્યું છે તેવા સંસ્થાના ચેરમેન શ્રીપ્રકાશભાઈ પટેલ સર તથા તમામ સ્ટાફે આવેલા નવીન વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતિ નિમિતે "રિસર્ચ ડે ૨૦૨૪"ની ઉજવણી

કમલમ્ ન્યુઝ,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ના સેંટર ફોર રિસર્ચ એન્ડ ઈનોવેશન (CRI) દ્વારા૧૨મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ભારત ના પ્રતિષ્ઠિત ભૌતિકશાસ્ત્રી અને ભારતીય અવકાશ સંશોધન કાર્યક્રમના સ્થાપક ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતિ નિમિતે ત્રીજા "રિસર્ચ ડે ૨૦૨૪"ની ઉજવણી કરવામાં હતી. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત ના વાઈસ ચાન્સેલર ડૉ.રમાશંકર દુબેએ તેમના ઉદ્ઘાટન પ્રવચનમાં સમાજના સર્વાંગી કલ્યાણ અને વિકાસ માટે સંશોધન અને નવીનતાના વિશિષ્ટ અને અદ્યતન ક્ષેત્રોમાંભાગ લેવામાટે વિદ્યાર્થીઓ ને પ્રેરણા આપી. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી નાપ્રેસિડેન્ટ શ્રી પ્રકાશ પટેલે વિશ્વ કક્ષાની યુનિવર્સિટી બનાવવાના લક્ષને હાંસલ કરવા માટેઉચ્ચ કક્ષાનું રિસર્ચકરવાઉપર ભાર આપ્યોહતો. યુનિવર્સિટી ના પ્રોવોસ્ટ ડો. પી.એમ. ઉદાણીએ યુવા, ઉભરતા સાહસિકોઅને સ્ટાર્ટ અપના ઉત્સાહીઓને પ્રેરણા આપીને નવીન વ્યવસાયિક સાહસોની સ્થાપનામાંસ્ટાર્ટ અપના મહત્વ પર ભાર મૂક્યો. ડીન (CRI) ડૉ ઉજાશકુમારએ. શાહે વર્ષ દરમ્યાન થયેલ રિસર્ચ અને હેડ (CRI) ડૉ સંતોષ શાહે વર્ષ દરમિયાન અમલમાં મૂકાયેલ ઈનોવેશન, SSIP, સ્ટાર્ટ-અપ અને ઈક્યુબેશન સેંટર ની માહિતી પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમમાં પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલે રિસર્ચપેપર, પેટન્ટ, બુક, બુક ચેપ્ટર, કન્સલ્ટન્સીઅને પ્રેસિડેન્ટલ એવોર્ડ ના કુલ ૨૦ લાખથી વધુનું રિસર્ચ ઈનસેન્ટિવ વિવિધકોલેજના ફેકલ્ટી મેમ્બરને એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટ અપ, ઈનોવેશનના ઉદ્યોગસાહ સિકતાને પ્રોત્સાહિત કરવા માટે SPU Hack for Tomorrow નામનીહેકાથોન નુંઆયોજન કરવામાંઆવ્યું હતું, જેમાં ૨૦ થી વધુ સંસ્થાઓ માંથી આવેલ ૭૦ થી વધુ ટીમોએ ભાગ લઈ ને ૧૦ થી વધુ પ્રોબ્લેમ ના સોલ્યૂશન માટે સતત ૧૦ કલાક મહેનત કરી હતી અને સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કાર અને મૂલ્યાંકન પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી.એમ. ઉદાણી અને રજીસ્ટ્રાર, ડીન ડૉ. ઉજાશ શાહ, હેડ ડૉ. સંતોષ શાહ, એસોસિએટ ડીન ડૉ. હીરલ પરીખ અને CRI ટીમ ને રિસર્ચ ડે ૨૦૨૪ સફળતાપૂર્વક ઉજવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

તહેવારો દરમિયાન અંત્યોદય અને BPL પરિવારોને વધારાની ખાંડ અને ખાદ્યતેલનું રાહત દરે વિતરણ કરાશે- અન્ના નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત ઓગસ્ટ-૨૦૨૪ માસમાં ઘઉં, ચોખા અને 'શ્રી અન્ન'-બાજરી અને જુવારનું વિનામૂલ્યે વિતરણ

કમલમ્ ન્યુઝ,

રાજ્યના અંત્યોદય અને બી.પી.એલપરિવારોજન્માષ્ટમીના તહેવારો સારી રીતે ઉજવી શકે એ માટે આ પરિવારોને રાહતદરે વધારાની ખાંડ અને ખાદ્યતેલ વિતરણ કરવાનો મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી અમારી સરકારે મહત્વનો નિર્ણય કર્યોછે તેમ, અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યુંહતું. નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈએ વિગતો આપતાં કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે N.F.S.A.-2013હેઠળ સમાવિષ્ટ કુટુંબોને ગુણવત્તાયુક્ત ખાદ્ય તેલ - સિંગતેલ બજાર ભાવથીઘણી ઓછીકિંમતે કાર્ડદીઠ ૧ લિટર પાઉચ રૂ. ૧૦૦ પ્રતિ લિટરના રાહત દરેતથા બીપીએલ અને અંત્યોદયકુટુંબોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ.ગ્રા. ખાંડ એટલે કે બી.પી.એલ કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૨૨ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે તથા અંત્યોદય કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ.૧૫ ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહ્યું છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અન્ન, નાગરિક પુરવઠાવિભાગ દ્વારા "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-2013" (N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખથી વધુ રેશનકાર્ડધારક કુટુંબોની ૩.૬૦ કરોડ જનસંખ્યાને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગતઓગસ્ટ-૨૦૨૪ માસમાં ઘઉં, ચોખા અને "શ્રી અન્ન" - બાજરી અને જુવારનું વિનામૂલ્યે વિતરણ રાજ્યની ૧૭,૦૦૦ થી વધુ વાજબી ભાવની દુકાનો ખાતે થઈ રહ્યું છે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. અન્ન, નાગરિક પુરવઠારાજ્ય મંત્રી શ્રી ભિખુસિંહજી પરમારે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાજ્યના૮ લાખજેટલા અંત્યોદય અન્નયોજનાના (A.A.Y.) કુટુંબોને પ્રતિ કાર્ડ ૧૫કિલો ઘઉં, ૧૫ કિલો ચોખા અને ૫ કિલો બાજરી મળી કુલ ૩૫ કિલોઅનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. એ જ રીતે રાજ્યના ૬૬ લાખ જેટલા "અગ્રતા ધરાવતા કુટુંબો"ની



(Priority House Hold- P.H.H.) 3.23 કરોડ જનસંખ્યાને પ્રતિ વ્યક્તિ ૨ કિલો ઘઉં, ૨ કિલો ચોખા અને ૧ કિલો બાજરી મળી પ્રતિ વ્યક્તિ કુલ ૫ કિલો અનાજનું વિતરણ કરવામાં આવે છે.

આમ, P.H.H. કુટુંબમાં પાંચ વ્યક્તિઓ હોય તો ૧૦ કિલો ઘઉં, ૧૦ કિલોચોખા અને ૫ કિલો બાજરી મળી કુલ ૨૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાંઆવે છે. રાજ્ય સરકારની યોજના હેઠળ અને N.F.S.A.- 2013 હેઠળના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબોને પ્રોટીનસભર આહાર મળી રહે તે માટે કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ચણા. રૂ. ૩૦ પ્રતિકિ.ગ્રા.ના રાહતદરે તથા તુવેરદાળ કાર્ડદીઠ૧ કિ.ગ્રા. રૂ. ૫૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહ્યું છે. તેમજ રાજ્ય સરકારની યોજના હેઠળ N.F.S.A.-2013 હેઠળના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબોને મીઠું કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૧ પ્રતિકિ.ગ્રા.ના રાહત દરે વિતરણકરવામાંઆવીરહ્યુંછે. આમ, રાજ્ય સરકાર N.F.S.A 2013 હેઠળસમાવિષ્ટ અંત્યોદય તથાઅગ્રતા ધરાવતાદરેક કુટુંબોને અન્ન સલામતી પૂરી પાડવા સાથે પોષણ સલામતી પણ મળી રહે તે માટેરાજ્ય સરકાર આ યોજનાઓ દ્વારા ગુજરાતના નાગરિકોના સર્વાંગી વિકાસ તરફ આગેકૂચ નિશ્ચિતકરી રહીછે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યાંકને સિધ્ધ કરવા વૃક્ષારોપણ અને સોલાર ઊર્જાનો ઉપયોગ અત્યંત જરૂરી: મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

હરિયાળીથી લહેરાતો વલસાડ જિલ્લો ૩૩ ટકા વન વિસ્તાર ધરાવે છે: મુખ્ય વન સંરક્ષકશ્રી મનીશ્વર રાજા

કંપનીઓને સીએસઆર ફંડમાંથી વન વિસ્તારનો વ્યાપ વધારવા ઉમરગામના ધારાસભ્યશ્રી પાટકરે અપીલ કરી

કમલમ્ ન્યુઝ,વલસાડ

વલસાડમાં જિલ્લા કક્ષાના ૭૫માં વન મહોત્સવની ઉજવણીરાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ઉમરગામ તાલુકાના નારગોલ ગામમાં આવેલી દક્ષિણા વિદ્યાલય ખાતે આજરોજ કરવામાં આવી હતી. આ ઉજવણી પ્રસંગેરાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જીનીવામાં મળેલી વૈશ્વિક કોન્ફરન્સમાં કાર્બન ઉત્સર્જન ઝીરો થાય તે માટે આહવાન કર્યુ હતું. કાર્બન ડાયોક્સાઈડ ગેસ હાનિકારક છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે અને તેની સામે આપણને ઓક્સિજન આપેછે. જેથી વૃક્ષારોપણ ખૂબ જ જરૂરીછે. આ સિવાય સોલાર ઊર્જા અને પવનઊર્જા પણ કાર્બન ઉત્સર્જન ઝીરો કરવા માટે અસરકારક છે. સોલારના ઉપયોગથી કોલસાનો ઉપયોગ અટકી જશે. વૃક્ષો સંવેદશીલ હોય છે, તેને આપણામિત્ર તરીકે ગણી ઉછેરવા જોઈએ. વડાપ્રધાનશ્રીએ એક પેડમા કે નામ અભિયાન શરૂ કર્યુછે. તેમના સંકલ્પને સાકાર કરવા માટે દરેક લોકો આ અભિયાનમાંજોડાય એવીઅપીલ મંત્રીશ્રીએ કરી હતી. વધુમાં તેમણે કહ્યું કે, આપણો વલસાડજિલ્લો હરિયાળીથી લહેરાતો પ્રદેશ છે. આપણી ભાવિપેઢી માટેતેને જાળવવાની જવાબદારી આપણાસૌની છે. વધુમાં તેમણે વન મહોત્સવની શરૂઆતનો ઉલ્લેખ કરી ૧૯૫૦ની સાલમાં કેન્દ્રિય પર્યાવરણ મંત્રીશ્રી સ્વ. કનૈયાલાલ માણેકલાલ મુનશીની દીર્ઘદ્રષ્ટીને બિરદાવી તેમના વિઝનને પરિપૂર્ણ કરવા આહવાનકર્યુ હતું. ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકરે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ "એક પેડમાં કેનામ" અભિયાનશરૂ કરાવી વૃક્ષનું મહત્વ સમજાવ્યું છે. વૃક્ષથી આપણને સારુ ઓક્સિજન મળશે તો બીમારીથી દૂર રહીશું.

દરેક ગામમાંવન ઉછેરકરવા જણાવી સાથે વૃક્ષ ન કપાય તે માટે એક જાગૃતિ સમિતિ બનાવવા સૂચન કર્યું હતું. સાથે જ ઉમરગામ તાલુકામાં આવેલી કંપનીઓને સીએસઆર ફંડમાંથીવન વિસ્તારનો વ્યાપ વધારવાજણાવ્યું હતું. વલસાડવન વર્તુળના મુખ્ય વન સંરક્ષકશ્રી મનિશ્વર રાજાએ પ્રાસંગિક પ્રવચનમાં વન વિભાગની વિવિધ યોજનાનીમાહિતી આપીઆ યોજનાઓનો લાભ લઈ વન વિસ્તારનો વિકાસ કરવા જણાવ્યું હતું. વધુમાં તેમણે વૃક્ષનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, વલસાડ જિલ્લામાં ૩૩ ટકા વન વિસ્તાર છે. એક વ્યક્તિને શ્વાસ લેવા માટે રોજના ૬૦૦ લીટર પ્રાણવાયુની જરૂર હોય છે. એક વૃક્ષ ૧૨૦ લીટર પ્રાણવાયુ આપે છે તે મુજબ એક વ્યક્તિ માટે પાંચ વૃક્ષની જરૂર હોય છે. જેથી વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા આહવાન કર્યુ હતું.

વન મહોત્સવની ઉજવણી દરમિયાન સામાજિક વનીકરણ વિભાગની વિવિધ યોજનાનો લાભ લેનાર ૨૧ લાભાર્થીઓને લાભોનું વિતરણ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. સાથેજ પર્યાવરણક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરનાર વ્યકિતઓનું પણ સન્માન કરાયું હતું. વન વિભાગ દ્વારા મંત્રીશ્રીને બોનસાઈ છોડ આપી સ્મૃતિ ચિન્હ અર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ મુખ્ય અતિથિ અને કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ તેમજ મહાનુભાવોદ્વારા વૃક્ષારોપણ કરીમંત્રીશ્રી દ્વારાવૃક્ષ રથને લીલીઝંડી આપી રોપા વિતરણ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, ઉમરગામ તાલુકા પંચાયતના પ્રમુખલલીતાબેન દુમાડા, ઉમરગામ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ મહેશ આહિર, દક્ષિણ વન વિભાગના નાયબ વન સંરક્ષક ઋષિરાજ પુવાર, ઉમરગામ તાલુકા સંગઠન પ્રમુખ દિલીપ ભંડારી, ઉમરગામ તાલુકા વિકાસ અધિકારી ચંદ્રકાન્ત પઢીયાર, નારગોલના સરપંચ સ્વીટીબેન ભંડારી, ગામના અગ્રણી યતિનભાઈ ભંડારી, ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશના પ્રમુખ નરેશ બોથિયા, દક્ષિણા વિદ્યાલયના આચાર્ય વિશાલ સાવંત તેમજ અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નારગોલ ગ્રામ પંચાયત અને દક્ષિણા વિદ્યાલય દ્વારા મંત્રીશ્રીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. કે.ડી.બી. હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓ દ્વારાસ્વાગત ગીતરજૂ કરવામાંઆવ્યું હતું. સામાજિક વનીકરણ વિભાગનાનાયબ વન સંરક્ષકશ્રી ડો. રામ રતન નાલાએ સ્વાગત ઉદબોધન કર્યુ હતું. જ્યારે આભારવિધિ સામાજિક વનીકરણ વિભાગના મદદનીશ વન સંરક્ષક જીનલ ભટ્ટે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તારેશભાઈ સોની અને વર્ષાબેન સી.પટેલે કરી હતી.

રાજ્યના નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વાપીમાં બે કિમી તિરંગા પદયાત્રા નીકળી

"ભારત માતા કી જય" અને "વંદે માતરમ" ના નારા સાથે દેશભક્તિના ગીતોથી સમગ્ર માહોલ દેશભક્તિમય બન્યો

દેશની એકતા, ઉન્નતિ અને ભાઈચારાની મિશાલ માટે સૌ ને ન્યાતજાતના ભેદભાવ વિના તિરંગા યાત્રામાં જોડાયા મંત્રીશ્રીએ આહવાન કર્યુ

કમલમ્ ન્યુઝ,વલસાડ

હર ઘરે તિરંગા અભિયાન હેઠળ રાજ્યનાનાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લાના વાપી નોટિફાઈડ મંડળ ખાતે વિશાળ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાપી નોટિફાઈડ, વાપી શહેર અને વાપી તાલુકા આમ ત્રણેય મંડળના સહકારથી સંયુક્ત રીતે રેલી આયોજિત કરવામાં આવી હતી. વાપીમાં બે કિલોમીટર લાંબી તિરંગા યાત્રા રોફેલ કોલેજથી પ્રારંભ થઈ મંગલમૂર્તિ ચોક થઈ ગુંજન ચારરસ્તા થઈહોટલપ્રાઈમ સુધી પહોંચી હતી. તિરંગા પદયાત્રામાં સ્થાનિક શાળાના વિદ્યાર્થીઓ તેમજ રહીશો મોટી સંખ્યામાં જોડાયા હતા. મહિલા કાર્યકર્તાઓ લાંબો તિરંગો તૈયાર કરી રેલીમાંજોડાઈ હતી. જે તિરંગા યાત્રા દરમિયાન આકર્ષણનું કેન્દ્ર બની હતી. તિરંગા પદયાત્રા દરમિયાન ભારત માતા કી જય અને વંદે માતરમના નારા સાથે દેશભક્તિના ગીતોથી સમગ્ર માહોલ દેશભક્તિમય બની ગયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યુંકે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશના લોકોનેદેશદાઝ અને દેશપ્રેમ માટે જાગૃત કરવા તિરંગા યાત્રા આયોજિતકરવામાં આવીછે. દેશને એક રાખવા, દેશની ઉન્નતિ માટે દરેક ઘર ઓફિસ પર તિરંગો લહેરાવી ભાઈચારાની આદર્શ મિશાલ રજૂ કરીએ. તિરંગા યાત્રા દેશના સ્વાભિમાન માટે છે. કોઈ પણ જાતના ભેદભાવ વિના દરેક દેશવાસીઓ આ તિરંગા યાત્રામાં જોડાઈ તે માટે મંત્રીશ્રીએ આહવાન કરીતિરંગા યાત્રાને સફળ બનાવવા જણાવ્યું હતું. તિરંગા યાત્રામાં જિલ્લા સંગઠન મહામંત્રી શિલ્પેશ દેસાઈ, જિલ્લા સંગઠન મંત્રી મહેન્દ્રભાઈ ચૌધરી, વાપી શહેર સંગઠન પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી નોટિફાઈડ સંગઠન પ્રમુખ હેમંતભાઈ પટેલ, વાપી તાલુકા સંગઠન પ્રમુખ સુરેશભાઈ પટેલ, વાપી નગરપાલિકા પ્રમુખ પંકજભાઈ પટેલ અને નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ભારત વિકાસ પરિષદ મહાવિજય શાખા, ડીસા દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાઈ

કમલમ્ ન્યુઝ,

રોટરી ક્લબ કોમ્યુનિટી હોલ, ડીસા ખાતે આગામી સ્વાતંત્ર્ય પર્વનિમિત્તે લોકોમાં રાષ્ટ્ર ભાવના વિકસે તે હેતુથી દર વર્ષની જેમચાલુ વર્ષેભારત વિકાસ પરિષદ મહાવિજય શાખા, ડીસા દ્વારા ધારાસભ્ય પ્રવીણ ભાઈ માળીના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. સી.એલ. સોલંકી (નાયબ પોલીસ અધિક્ષક ડીસા), રમેશભાઈ બી.શાહ, શ્રી મુકેશભાઈ આચાર્ય અને પરમાભાઈ ચાવડા દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. સી.એલ.સોલંકી , અમૃતલાલ પઢિયાર અને દિનેશભાઈ ઠક્કર દ્વારા હાલના વિદ્યાર્થીઓ આવતીકાલના નાગરિક હોઈ દેશ પ્રત્યે નો ભાવ હંમેશાભરપૂર રહેવોજોઈએ અને રાષ્ટ્ર ધ્વજની ગરિમા જાળવા માટે યોગ્ય માર્ગદર્શન અપાયું હતું.

ધારાસભ્ય પ્રવીણભાઈ માળી દ્વારા ભાગ લેનાર તમામ બાળકોને અને આયોજકોને અભિનંદન આપવામાં આવ્યા હતા .રાષ્ટ્રીય સમૂહ ગાન પૈકી કુલ ૧૭ કૃતિઓ વિભાગ અ અને બ વિભાગમાં અને નૃત્ય ની પ કૃતિ રજૂ કરવામાં આવી હતી .ભાગ લેનાર તમામ બાળકોને ભારત વિકાસપરિષદ મહાવિજય શાખા ,ડીસા દ્વારા મોમેન્ટો, પેન અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા હતા અને પ્રથમ આવનાર ટીમોને ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા .આ સ્પર્ધામાં પ્રથમ આવનાર ટીમ આગામી દિવસોમાં પ્રાંત કક્ષા એ ભાગ લેશે. આ કાર્યક્રમમાં રોટરી ક્લબ ડીસા ,લાયન્સ ક્લબ ડીસા, ભારત વિકાસ પરિષદ મુખ્ય શાખા, ડીસા અને રાય કા ક્લબ ડીસા જેવી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ હાજર રહીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી દિનેશભાઈ ઠક્કર (પ્રમુખ), પ્રવીણભાઈ સાધુ (મંત્રી) અમૃતલાલ પઢિયાર (ટ્રસ્ટી), શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ (સંયોજક), પ્રિયંકાબેન ઠક્કર , રવિભાઈ અખાણી, રામસા જાંગીડ (સહ સંયોજક) તેમજ શાખાના અન્ય પ્રકલ્પના હોદેદારો,સભ્યશ્રીઓ , શાળાના માર્ગદર્શક શિક્ષક શ્રીઓ અને પ્રિન્સિપાલ દ્વારા હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. નિલેશભાઈ સોની અને નરસિંહભાઈ બારોટ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. પ્રવીણભાઈ સાધુ દ્વારા કાર્યક્રમની આભારવિધિ કરવામાં આવી હતી.

જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

અમદાવાદથી યુવા વિશાલ સંજુય કુમાર રજપૂત ને ૧૩.૮.૨૦૨૪ના રોજ તેમના જન્મદિવસ નિમિતે કમલમ દૈનિક અખબાર વતી જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન. માં અંબા આપના દીર્ઘાયુ આયુષ્ય, નિરોગી સ્વાસ્થ્ય અને તમામ ખુશીઓ સાથે આપની તમામ મનોકમનાઓ પૂર્ણ કરે શુભકામનાઓ.

કમલમ્ ન્યુઝ,

૧૫ મી ઓગસ્ટનીસ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અન્વયે દેશવાસીઓમાં દેશ પ્રેમની ભાવના જાગૃત થાય તે માટે વલ્લભ વિદ્યાનગર શહેર સંગઠન દ્વારા વિદ્યાનગર ભાઈકાકા સ્ટેચ્યુ થી મોટા બજાર રેલી સ્વરૂપે તમામ વેપારીઓને તેમજ દુકાન પર જઈને ત્રિરંગાનું વિતરણ કરવામાં આવ્યું આ પ્રસંગે ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ શ્રી પ્રશાંતભાઈ કોરાટ, સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ,આણંદના ધારાસભ્યશ્રીયોગેશભાઈ પટેલ, જિલ્લા મહામંત્રીશ્રીજગતભાઈ પટેલ, પૂર્વ સાંસદ શ્રી દીપકભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પ્રમુખ શ્રી મહેશભાઈપટેલ, જિલ્લાયુવા મોરચા પ્રમુખશ્રી પાર્થિકભાઈ પટેલ, જિલ્લા મંત્રીશ્રી ચેતનભાઈ પટેલ, વિદ્યાનગર શહેર પ્રમુખ શ્રી તેજશભાઈ પટેલ, વિદ્યાનગર ના પ્રભારી શ્રી પ્રત્નેશભાઈ પટેલ, પૂર્વ કાઉન્સિલરોશ્રીઓ, સંગઠનના હોદેદારશ્રીઓ, તમામ મોરચાના પદાધીકારીશ્રીઓ તેમજ સૌ યુવા કાર્યકર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા

કમલમ્ ન્યુઝ,

૧૫ મી ઓગસ્ટનીસ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અન્વયે દેશવાસીઓમાં દેશ પ્રેમની ભાવના જાગૃત થાય તે માટે આણંદ જિલ્લા યુવા મોરચા દ્વારા આણંદ ૨.જૈ.દીક્ષ કોલેજ ખાતે વિદ્યાર્થીઓને ત્રિરંગાનું વિતરણ કરવામાં આવ્યું આ પ્રસંગે ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ શ્રી પ્રશાંતભાઈ કોરાટ, સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, જિલ્લા યુવામોરચા પ્રમુખશ્રી પાર્થિકભાઈ પટેલ, જિલ્લા મંત્રીશ્રી શ્વેતલભાઈ પટેલ, વિદ્યાનગર નાપ્રભારી શ્રી પ્રત્નેશભાઈ પટેલ, જિલ્લા યુવ મોરચા પ્રભારીશ્રી દીક્ષિતભાઈ સહિત યુવામોરચના કાર્યકરો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાનવેરી કલ્લા ખાતેસક્ષમયુવિકા પ્રોજેક્ટકાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાનવેરીકલ્લા ખાતે સક્ષમયુવિકા પ્રોજેક્ટ કાર્યક્રમ અંતર્ગતમાનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રીનવસારી તેમજ માનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી નવસારી ના માગદર્શન હેઠળ પ્રાથમિક શાળા રાનવેરીકલ્લા, નહેર ફ. ખાતે ધોરણ – ૭ અને ૮ ના વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસહાથ ધરેલ હતી. જેમાંબાળકોના વજન, ઉંચાઈ,હિમોગ્લોબીન વગેરેનીતપાસ કરવામાંઆવી હતી. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાનવેરીકલ્લા તા. ચીખલી, જી. નવસારી ના મેડીકલ ઓફિસરશ્રી ડૉ. હિમાંશુ બી. પટેલ દુલ્લા આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ હતું આ કાર્યક્રમ ને સફળ બનાવવા શાળા ના શિક્ષકો, આરોગ્ય કર્મચારી તેમજ આશાબેનો એભારે જહેમત ઉપાડી હતી.

સંસ્કૃતિ વિકાસ ટ્રસ્ટ ઈડર દ્વારા નાટ્ય તાલીમ શિબિર ખેડબ્રહ્મા ખાતે યોજાઈ

કમલમ્ ન્યુઝ,

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી સંસ્કૃતિ વિકાસ ટ્રસ્ટ ઈડર દ્વારા તારીખ ૮, ૯ અને ૧૦ ઓગસ્ટના રોજ નાટ્ય તાલીમશિબિર આર્ટસએન્ડ કોમર્સ કોલેજ ખેડબ્રહ્મા ના વિશેષ સહયોગથી ખેડબ્રહ્મા ખાતે યોજાઈ .આ નાટ્ય તાલીમ શિબિરમાં ગુજરાતના વિવિધ જિલ્લામાંથી અભિનેય ક્ષેત્રે રસ ધરાવતા કલાકારો ભાગલેવા આવ્યા હતા. આ કલાકારોને મુંબઈ અને ગુજરાતના પ્રસિદ્ધ નાટ્યકારો દિલીપ રાવલ, વિહંગ મહેતા, દીપક અંતાણી, કમલ જોશી દ્વારા તાલીમ અને માર્ગદર્શનઆપવામાં આવ્યું હતું.નાટ્ય તાલીમ શિબિરના અંતે કલાકારો દ્વારા સુંદર રજૂઆત કરવામાં આવી હતી આ શિબિરનું સંચાલન ગીરવાણુપુરસ્કૃત નાટ્યકાર ભરતવ્યાસ અને પ્રાધ્યાપક જીગર ખરાડીદ્વારા કરવામાંઆવ્યું હતું.

વ્યારા ખાતે ભવ્ય તિરંગા યાત્રાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવતા ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોંકણી

સયાજી ગ્રાઉન્ડ ખાતેથી પ્રારંભાયેલી તિરંગા યાત્રામાં અંદાજિત ૨૫૦૦ થી વધુ લોકો જોડાયા

કમલમ્ ન્યુઝ,

સ્વતંત્રતાપર્વની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રવ્યાપી "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત આજે વ્યારા નગરપાલિકા દ્વારા આયોજિત ભવ્ય તિરંગા યાત્રાન વ્યારાના ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોકણીએ લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવી હતી. આ રેલીમાં વિવિધ શાળાના બાળકોએ સુંદરવેશભૂષા ધારણ કર્યા હતા તેમજ પ્રકૃતિ પ્રેમી આદિવાસી સંસ્કૃતિની ઝાંખીનાદર્શન કરાવતી ટુકડીએ પણ નગરજનોન વિવિધતામાં એકતાના દર્શન કરાવ્યા હતાં. આ કાર્યક્રમમાં આશરે ૨૫૦૦ થી વધુની જન મેદની ઉત્સાહ ભેર તિરંગા યાત્રામાં જોડાઈ હતી. બેન્ડની સુમધુર સુરાવલીસાથે પ્રારંભાયેલી તિરંગા યાત્રાસંપન્ન થયાંબાદ સૌએ સયાજી ગ્રાઉન્ડ ખાતે સામૂહિક રાષ્ટ્રગાન ગાયું હતું. ઉપરાંત, તિરંગાની ગરિમા જાળવવા અંગે સામુહિક શપથ ગ્રહણ કર્યા હતા. આ યાત્રા વ્યારાનગરના સયાજી ગ્રાઉન્ડ ખાતેથી નીકળી સુરતી બજાર, રામારીજન્સી, જૂના બસ સ્ટેન્ડ થઈને ફરી સયાજી ગ્રાઉન્ડ પરત પરત ફરી હતી.આ ભવ્ય તિરંગા યાત્રા થકી વ્યારા નગર સહીત તાપી જિલ્લામું વાતાવરણ "પ્રજા-તંત્ર" એ રાષ્ટ્રગાન બાદ તિરંગાની ગરિમા જાળવવાના સામુહિક શપથ ગ્રહણ કર્યા

દેશ પ્રેમમાં રંગાઈ ગયું હતું. આઝાદીની ઉજવણીને યાદ ગાર બનાવવા તેમજ લોકોમાંદેશપ્રેમની ભાવના ઊજાગર કરતી આ ભવ્ય તિરંગા યાત્રામાં નગરજનો પણ સહભાગી થાય હતા. મુખ્યમાર્ગ પર હજારો તિરંગા સાથે નીકળેલા વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો તથા હોમગાર્ડ જવાનો સહિત રાષ્ટ્રપ્રેમી નાગરિકોએ ઉચ્ચારેલા દેશભક્તિના નારાઓથી વ્યારાનગરના રસ્તાઓ ગુંજી ઉઠ્યા હતા. આ ભવ્ય યાત્રામાં જિલ્લાના પોલીસ વડા રાહુલ પટેલ, નિવાસી અધિક કલેક્ટર આર.આર. બોરડ, વ્યારા નગરપાલિકા પ્રમુખશ્રી રીનેશ ઉપાધ્યાય, વ્યારા પ્રાંત અધિકારીશ્રી, વ્યારાચીફ ઓફીસર સુશ્રી વંદના ડાબરીયા,સંગઠનના હોદેદારો સહિતવિવિધ વિભાગના અધિકારીઓ, કર્મીઓ, નાગરિકો હાથમાં તિરંગા લઈ ભવ્ય તિરંગા યાત્રામાં હર્ષ ઉલ્લાસથી જોડાયા હતા.

વડાપ્રધાન નરેન્દ્રભાઈએ ધરતી માતાનું ગ્રીન કવચ વધારવાના હેતુ: શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર

મહીસાગર જિલ્લા કક્ષાની એક પેડ માં કે નામ અભિયાનની સાથે ૭૫માં વન મહોત્સવની ઉજવણી

હર ઘર તિરંગા અભિયાન" અંતર્ગત દરેક નાગરિકને પોતાના ઘર પર તિરંગો લહેરાવવાનું આહવાન પણ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર કર્યું હતું.

કમલમ્ ન્યુઝ,

મહીસાગર જિલ્લા કક્ષાની એક પેડ માં કે નામ અભિયાનની સાથે ૭૫માં વન મહોત્સવની ઉજવણી કે એમદ્યેશીહાઈસ્કૂલ, બાકોર- પાંડરવાડાખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાઈ. આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરે એ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈએ ધરતીમાતાનું ગ્રીન કવચ વધારવાના હેતુ સાથે વિશ્વ પર્યાવરણ દિવસે "એક પેડ માંકે નામ" અભિયાન શરૂ કરાવ્યું છે. તે અંતર્ગત દેશમાં ૧૪૦ કરોડ જેટલા વૃક્ષો વાવવાનો આહવાન કર્યુ છે. વડાપ્રધાનના આહવાનને ઝીલીને ગુજરાત ૭૫માં વન મહોત્સવ અન્વયે "એક પેડ માં કે નામ" અભિયાનને વેગવાન બનાવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશની આઝાદીનો અમૃતકાળ ચાલી રહ્યો છે ત્યારે પર્યાવરણ જતન અને સંવર્ધનની પૌરાણિક સંસ્કૃતિને ઉજાગર કરતો આ ૭૫માં વન મહોત્સવ અમૃત વન મહોત્સવ બનશે.દરેક બાળકે પોતાના ઘરે એક વૃક્ષનુવાવેતર કરીનેનું જતન કરવું ખૂબ જરૂરી છે.તેમણે જણાવ્યું હતું કે ઉમરગામથી અંબાજી સુધી વિસ્તારમાં થતા ટીમરુના પાનથી ૮૨ હજાર પૂરક રોજગારી મળે છે. ૧૫મી ઓગસ્ટ આવી રહીછે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાન પ્રમાણે "હરઘર તિરંગાઅભિયાન" અંતર્ગત દરેક નાગરિકને પોતાના ઘર પર તિરંગો લહેરાવવાનું આહવાન પણ શિક્ષણમંત્રી કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈપટેલએ વૃક્ષનું મહત્વ સમજાવતા જણાવ્યુંહતું કે,આજના સમ્રમાં તાપમાનનું પ્રમાણ ખૂબ ઊંચુંજઈ રહ્યું છે તનુંમુખ્ય કારણ વૃક્ષોનો અભાવ છે માટે પર્યાવરણનુ જતન અને રક્ષણ માટે વૃક્ષોનો ઉછેર કરવો ખૂબ જરૂરીછે. દરેક વ્યક્તિએ એકવૃક્ષ માંકે નામ અભિયાન અંતર્ગતજોડાઈ એકવૃક્ષનું વાવેતર અને જતન કરવા આહ્વાન કર્યું આ પ્રસંગે પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવએ જણાવ્યું હતું કે, દર વર્ષે યોજાતા વન મહોત્સવના માધ્યમથી લોકોને વૃક્ષોના મહત્વ અંગેનો સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ વર્ષે પ્રધાનમંત્રીના હરિત કાંતિના સંકલ્પને સાર્થક કરવા માટે 'એક પેડ માં કે નામ' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં લોકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ત્યારે દરેક લોકો પરિવારમાં જન્મદિવસ જેવા પ્રસંગ નિમિત્તે એક વૃક્ષ વાવીને પર્યાવરણ બચાવવાના આ અભિયાનમાં સરકાર સાથે સહભાગી બને તોઆ અભિયાનને વધુસાર્થક કરી શકાય.આ કાર્યક્રમમાં મંત્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ઉત્કૃષ્ટ નર્સરી ઉછેરનારી કામગીરી કરવા બદલ પ્રશસ્તિપત્ર અર્પણ કરવામાં આવ્યા હતાતેમજ વનીકરણ માટે સહકાર આપી સહભાગી થવા બદલ પ્રશસ્તિપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા.એક પેડ માંકે નામઅભિયાન અંતર્ગત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું. આપ્રસંગે નાયબ વનસંરક્ષક એન. વી ચૌધરી એ સ્વાગત પ્રવચન કર્યું હતું અને સામાજીકવનીકરણ વિભાગ, ગોધરા નાયબ વનસંરક્ષક એમ.ડી જાની દ્વારા આભારવિધિ કરાઈ.

આ પ્રસંગે જિલ્લા લુણાવાડા ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ, જિલ્લા કલેકટર નેહા કુમારી, ગોધરા વન વિભાગ નાયબ વનસરક્ષક એમ.એલમીના, જિલ્લા વિકાસ અધિકારી સી.એલ પટેલ, પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા, નિવાસી અધિક કલેકટર સી વી લટા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ માલીવાડ, જિગ્નેશભાઈ સેવક,પ્રાધ્યોજના વહીવટદાર યુવરાજ સિદ્ધાર્થ, તાલુકા પંચાયત પ્રમુખો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

ગીર સોમનાથ જીલ્લા ભાજપની સુચના મુજબ તેમજ ઉનાના કાર્યશીલ ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડ ના માર્ગદર્શન હેઠળ આજરોજ ઉના તાલુકા ભાજપ સંગઠનની બેઠક યોજાય હતી. અને ત્યારબાદ ઉના ધારાસભ્યશ્રી કાર્યાલય ખાતે "હર ઘર તિરંગા" અંતર્ગત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પરિસર માં સ્વચ્છતા અભિયાન તેમજ કુલહારથી અભિવાદન કરવામાં આવ્યું. અને નગરપાલિકા ભવન ખાતે થી લઈ અને વિકેશ્વરભાગ સુધીતિરંગા યાત્રાનું આયોજન કરવામાંઆવ્યું હતુંતમજ ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમા ને ફૂલહાર થી અભિવાદન કરવામાંઆવ્યું હતું. અને ઘર ઘર તિરંગાઅંતર્ગત તિરંગાવિતરણ કરવામાં આવ્યા હતા. આ તકે નગરપાલિકાના સદસ્યશ્રીવિજય ભાઈ રાઠોડ, જીલ્લા ભાજપયુવા મોરચાનાં પ્રમુખશ્રી હિતેશભાઈ ઓઝા, ઘર ઘર તિરંગા યાત્રાના ઈન્ચાર્જ સામતભાઈ ચારણીયા તાલુકા પંચાયત જિલ્લા પંચાયત ના સદસ્યોતેમજ સંગઠનના હોદેદારો અને દરેક ગામના સરપંચશ્રી ઓ ઉપસ્થિત રહ્યા હતા

ટંકારા ખાતે યોજાઈ તાલુકા કક્ષાની હર ઘર તિરંગા યાત્રા ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાઈ

ટંકારા તાલુકાના નાગરિકો થયા સહભાગી; હોશે હોશે લહેરાવ્યો તિરંગો

કમલમ્ ન્યુઝ,મોરબી

સમગ્ર દેશ અને રાજયની સાથે મોરબી જિલ્લામાં પણહર ઘર તિરંગા અભિયાનનીરંગે ચંગે ઉજવણી કરવામાં આવી રહી છે. મોરબી જિલ્લામાં આ અભિયાન અંતર્ગત કરવામાં આવીરહેલા વિવિધ આયોજનો અન્વયે ટંકારાખાતે તાલુકા કક્ષાની તિરંગા યાત્રાનું આયોજન ટંકારા ધારાસભ્યથી દુર્લભજીભાઈ દેથરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. દેશના શહીદોને શ્રદ્ધાંજલિ આપવા તેમજ તિરંગાનું સન્માન કરી તિરંગા પ્રત્યે લોકોમા જાગૃતિ અને વધુ અહોભાવઉત્પન્ન કરવાના હેતુથી શરૂકરવામાંઆવેલ હર ઘર તિરંગાયાત્રામાં મોરબીજિલ્લો પણ રંગે ચંગે સહભાગી બન્યો છે. ત્યારે તારીખ ૧૨ ઓગસ્ટ ના રોજ સવારે ટંકારા ખાતે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રામાં ધારાસભ્યશ્રીની સાથે અનેક સ્થાનિક આગેવાનો, ટંકારા તાલુકાના નાગરિકો તેમજ વિવિધ શાળાના બાળકોકાંધેશાંધેસહભાગીથયાહતા. સૌએ મોજથી તિરંગો લહેરાવીદેશભક્તિ પ્રદર્શિતકરી હતી.

કમલમ્ ન્યુઝ,

ઉમરગામ તાલુકાના નારગોલ ખાતેનારગોલ ગ્રામ પંચાયત અને નારગોલ મરીન પોલીસ સ્ટેશનના સંયુકત ઉપક્રમે તિરંગા યાત્રા યોજાઈ હતી. તિરંગાયાત્રામાં નરગોલમરીન પોલીસસ્ટેશન અને ગ્રામ પંચાયતના કર્મચારીઓ સહિત શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કમલમ્ ન્યુઝ,

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબની પ્રેરણાઅને માર્ગદર્શનમાંસમગ્ર દેશમાંત્ ઓગસ્ટ થી ૧૫મી ઓગસ્ટ દરમિયાન્ હર ઘર તિરંગા અભિયાન્ યોજાઈ રહ્યું છે. જે અંતર્ગતસાંસદ શ્રી મિતેષભાઈ પટેલ પોતાના નિવાસસ્થાન તિરંગો લહેરાવીને સૌને તિરંગોલહેરાવવા અનુરોધ કર્યો.

વસ્ત્ર મંત્રી શ્રી ગિરિરાજસિંહે હાથવણાટના પખવાડા સમારોહ દરમિયાન નિફ્ટ ગાંધીનગરની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી ગિરિરાજ સિંહે ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફફેશન ટેકનોલોજી (એનઆઈએફટી), ગાંધીનગરની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે હેન્ડલૂમપખવાડિયાની જિવણીમાં સક્રિયપણે ભાગ લીધો હતો. આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ ભારતીય કાપડના અપ્રતિમ વારસાને પ્રદર્શિત કરતા વાઈબ્રન્ટ અને સાવચેતીપૂર્વક તૈયાર કરાયેલા હેન્ડલૂમ પ્રદર્શનનું ઉદઘાટન કર્યુ હતું. આ પ્રદર્શન એક વિઝ્યુઅલ ફેસ્ટિવલ હતું, જેમાં સદીઓથી ભારતની ટેક્સટાઈલ પરંપરાઓ સાથે જોડાયેલી સર્જનાત્મકતા, કારીગરી અને સમર્પણને પ્રતિબિંબિત કરતી હાથવણાટની શ્રેષ્ઠ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. પ્રદર્શનમાં મૂકવામાં આવેલા દરેક ભાગ વણકરોની કુશળતા અને કલાત્મકતા અને આ સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને જાળવવા અને પ્રોત્સાહન આપવાની તેમની પ્રતિબદ્ધતાનો પુરાવો હતો. આ પ્રદર્શનને પગલેમંત્રી ગિરિરાજસિંહે નિફ્ટ ગાંધીનગરના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સસાથે સમજુતી અને સાર્થક ચર્ચા વિચારણા કરી હતી. આ ક્રિયા પ્રતિક્રિયાઓએ સંસ્થાદ્વારા આકર કરવામાંઆવતી નવીન પ્રવૃત્તિઓઅને ભવિષ્ય લક્ષી અભ્યાસક્રમમાં ઊંડે ઊંડે કરીલગાવી હતી. શ્રી સિંહે એ બાબતની જાણકારી આપીહતી કે, નિફ્ટ કેવી રીતે પરંપરાગતટેકસ્ટાઈલ ટેક્નિક સાથે આધુનિક ડિઝાઈન વિભાવનાઓને સંકલિત કરી રહી છે, જેથી એ સુનિશ્ચિત થાય છે કે, ભારતીયટેકસટાઈલ્સનાં સંસ્કૃતિક વારસાનું જતન ન થાય, પણ ભવિષ્ય માટે પુનઃકલ્પનાપણ થય. મંત્રીશ્રીએ ભારતના ટેક્સટાઈલ વારસાને ટકાવી રાખવા અને આગળધપાવવા માટે ઉત્સાહીએવા નવી પેઢીના ડિઝાઈનરોને પ્રોત્સાહન આપવા માટે સંસ્થાના પ્રયાસોની પ્રશંસા કરી હતી. શ્રી ગિરિરાજ સિંહ ભારતીય કાપડ ઉદ્યોગનાં ભવિષ્ય વિશે આશાવાદી હતાં. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે, નિકટનાં ગતત નવીનતા, કટિબ દ્ધતા અને ડિઝાઈન, વ્યવસ્થાપન અને ટેકનોલોજીકલ હસ્તક્ષેપો સાથે હાથવણાટનાં ક્ષેત્રની સમૃદ્ધ પરંપરાઓ આગામી વર્ષોમાં પણ ખીલતી રહેશે અને વિકસિત થશે. આ દિવસની મુખ્ય વિશેષતા એ હતી કે હાથવણાટની અદભૂત ફેશન વૉક, જેમાં ભારતના કુશળ કારીગરોની કલાત્મકતા અને કારીગરીની ઉજવણી કરવામાં આવી હતી. આ ફેશન શોએ ભારતીય હેન્ડલૂમ્સને પ્રોત્સાહન આપવા માટે એક શકિતશાળી પ્લેટફર્મ તરીકેકામ કર્યુંહતું, જેમાં જટિલ અને વૈવિધ્ય સભર ડિઝાઈનનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જે ઈન્ડિયાટેકસટાઈલઉદ્યોગની વિશેષતાછે. આફેશન શોએ દ્રશ્ય આનંદઅને ભારતીય કાપડના દરેક વણાટ અને દોરામાં જડિત સાંસ્કૃતિક મહત્વની મજબૂત યાદ આપતું છે. તેમોહેન્ડલૂમ્સનેનેટકો આપવા અને પ્રોત્સાહન આપવાનાં મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો, જે ભારતની સાંસ્કૃતિક ઓળખ અને આર્થિક પરિદ્રશ્યનો મહત્ત્વપૂર્ણભાગ છે.નિફ્ટ (NIFT) ગાંધીનગર ખાતે સમગ્ર હેન્ડલૂમ પખવાડાની ઉજવણીને શાન દાર સફળતામળી હતી, જેણે ભારતીય કાપડને પ્રોત્સાહન આપવા માટે સંસ્થાના અતૂટ સમર્પણનો પુરાવો પૂરો પાડ્યો હતો. આ કાર્યક્રમમાં કાપડ ઉદ્યોગનીઅતુલ્ય સંભવિતતા અને આ ક્ષેત્રને પોષવામાં અને પ્રોત્સાહન આપવામાં નિફ્ટ જેવી સંસ્થાઓની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

કમલમ્ ન્યુઝ,

કપરાડા ખાતે ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. તિરંગા યાત્રાની શરૂઆત આદિવાસીઓના ભગવાન બિરસામુંડાનીપ્રતિમાની ફૂલહાર ચઢાવીઅને પૂજા-અર્ચના કરી કરવામાં આવી હતી. તિરંગા યાત્રામાં શાળાના વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

કમલમ્ ન્યુઝ,

કપરાડા ખાતે ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. તિરંગા યાત્રાની શરૂઆત આદિવાસીઓના ભગવાન બિરસામુંડાનીપ્રતિમાની ફૂલહાર ચઢાવીઅને પૂજા-અર્ચના કરી કરવામાં આવી હતી. તિરંગા યાત્રામાં શાળાના વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

કમલમ્ ન્યુઝ,

સંતરામપુર તાલુકાના એન્દ્રા મુકામે શ્રી ગોપાલભાઈ (ગોપુભાઈ) વિનોદભાઈ ડામોરે ઉત્તરાખંડના ચાર ધામ, અમરનાથ, વૈષ્ણોદેવી, યમનોત્રી, ગંગોત્રી જેવા અંદાજીત ૫૦૦૦ કિ.મી. ની સાયકલ દ્વારા યાત્રા ૪૦ દિવસમાં ચારધામ દર્શન કરી ૬૪ દિવસે પોતાના વતન પરત ફરતા તેઓના સ્વાગત સત્કાર સમારંભમાં વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાતસરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબ ઉપસ્થિત રહીસ્વાગત કર્યું. આ તકેતાલુકા પંચાયતનાપ્રમુખ શ્રીહરેશભાઈ વળવી, ભેડાર ગામના સરપંચશ્રી ભલાભાઈ, ઉભરેલી ગામના સરપંચશ્રી દિનેશભાઈ, નાનીડુંચાર ગામનાસરપંચશ્રી, પોપટભાઈડિંડોર, ઝાલુભાઈ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

સંતરામપુર તાલુકાના બાવાનુ સાલિયા મુકામે વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રીકુબેરભાઈ ડીંડોર સાહેબે શ્રી સરદારભાઈ ખાંટના નિવાસ સ્થાને મકાનના વાસ્તુ પૂજન નિમિત્તે ઉપસ્થિતરહી શુભેચ્છાઓપાઠવી.આતકે **APMC** ચેરમેન શ્રી શાંતિલાલ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ વળવી, હીરાભાઈ પોડોર, કમલેશભાઈ, સંજયભાઈ પટેલ, અંબાલાલ પટેલ, રમેશભાઈ પંચાલ,બિપીનભાઈ પટેલ સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાહતાં.

કમલમ્ ન્યુઝ,

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબની પ્રેરણાઅને માર્ગદર્શનમાંસમગ્ર દેશમાંત્ ઓગસ્ટ થી ૧૫મી ઓગસ્ટ દરમિયાન્ હર ઘર તિરંગા અભિયાન્ યોજાઈ રહ્યું છે. જે અંતર્ગતસાંસદ શ્રી મિતેષભાઈ પટેલ પોતાના નિવાસસ્થાન તિરંગો લહેરાવીને સૌને તિરંગોલહેરાવવા અનુરોધ કર્યો.

કમલમ્ ન્યુઝ,

ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી પ્રશાંતભાઈ કોરાટ આજે આણંદ જિલ્લાની મુલાકાતે છે ત્યારે કરમસદ સ્થિત સરદાર પટેલસાહેબની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી, ત્યારે બાદ જે શાળામાંસરદાર પટેલ સાહેબે અભ્યાસ કરેલ તે પ્રાથમિક શાળાની સફાઈ હાથ ધરવામાં આવી. અંતે સરદાર ગૃહની મુલાકાત લીધી આ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, જિલ્લા યુવા મોરચા પ્રમુખશ્રી પથિકભાઈ પટેલ, મહામંત્રી શ્રી નારસિંગભાઈ, શ્રી ગૌરાંગભાઈ બારોટ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખશ્રીનિલેશભાઈ પટેલ, શહેર મહામંત્રીશ્રી મંજુલભાઈ સહિત પૂર્વ કાઉન્સિલરશ્રીઓ ઉપસ્થિતરહ્યા હતા.

૩૦૦ મીટરના રાષ્ટ્રધ્વજ સાથે ગાંધીધામમાં નીકળેલી તિરંગા યાત્રાથી શહેરના રસ્તાઓ દેશભકિતના નારાથી ગુંજી ઉઠ્યા

સાંસદશ્રી વિનોદ ચાવડાએ તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવતા કચ્છના દરેક નાગરિકને હર ઘર તિરંગા અભિયાનમાં જોડાવવા કર્યો અનુરોધ

કમલમ્ ન્યુઝ,ભુજ,

''હર ઘર તિરંગા'' અભિયા ન અંતર્ગત આજરોજ ગાંધીધામખાતે ગાંધીમાર્કેટથી ૩૦૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથેની તિરંગા રેલીનો સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ લીલીઝંડી આપીને પ્રારંભ કરાવ્યોહતો આપ્રસંગે તેમણેદરેક કચ્છવાસીઓને હર ઘરતિરંગા અભિયાનમાંસ્વૈચ્છાભાગી બનીઘર ઘર તિરંગો લહેરાવીને એકતા, સમરસતાતથા રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ પ્રબળ બનાવવા અનુરોધ કર્યો હતો. ગાંધીમાર્કેટથી પ્રારંભ થયેલી રેલીમુખ્ય બજારથી ફરી ઝરપચોક ખાતે પૂર્ણ થઈ હતી. તિરંગા રેલીમાં મોટી સંખ્યામાં પોલીસ જવાનો, બીએસએફ તથા હોમગાર્ડના જવાનો, વિદ્યાર્થીઓ, સામાજિક સંસ્થાઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. રેલીને પ્રસ્થાન કરાવતા સાંસદશ્રી વિનોદભાઈ ચાવડએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમા હર ઘર તિરંગા અભિયાન ચાલી રહ્યું છે ત્યારે ગુજરાતમાં મુખ્ય મંત્રીશ્રીના આગેવાની હેઠળ રાજય ભરમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોયોજાઈ રહ્યા છે. ત્યારે આપણે પણ આ અભિયાનમાંરાષ્ટ્રપ્રેમ, ભાઈચારાતથા એકતાની ભાવના સાથેજોડાઈએ. તેમણે તિરંગાયાત્રામાં મોટી સંખ્યામાં જોડાયેલા નાગરિકો વિદ્યાર્થીઓ વગેરેને અભિનંદનપાઠવતા રાષ્ટ્રધ્વજને દરેક ઘર,વાણિજય સંકુલો તથા દરેક ઈમારતો પર લહેરાવવા અનુરોધ કર્યોહતો.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી માલતીબેન મહેશ્વરીએ જણાવ્યું હતું કે, મહામુલી આઝાદી મેળવવા અનેક દેશભકતોએ બલિદાન આપ્યા છે, ત્યારે સ્વતંત્રતા પર્વનો આ ઉત્સવ દરેક ભારતવાસી માટે મહામુલો છે. હર ઘર તિરંગા અભિયાન તથા તિરંગા યાત્રાના માધ્યમથી આવનારી પેઢીમાં દેશપ્રેમની ભાવના, સમાજ માં એકતા અને ભાઈચારાની ભાવનામાં વધારો થાય તે હેતુથી તેનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તિરંગો આપણી શાન અને જાન છે ત્યારે આ જ ભાવના સાથે રાષ્ટ્રધ્વજને દરેક ઘર પર લહેરાવવામાં આવે તેવી અપીલ છે. શહેરના મુખ્ય માર્ગે પર હજારો તિરંગાસાથે નીકળેલા છાત્રો, પોલીસ,બીએસએફ તથાહોમગાર્ડના જવાનો, નાગરિકોના દેશભકિતના નારાઓથીશહેરના રસ્તા ગુંજી ઉઠ્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીધામ નગરપતિશ્રી તેજશ શેઠ, ઉપપ્રમુખશ્રી દિ વ્યાબેન નાથાણી, કલેકટરશ્રીએ.કે.સિંઘ, એસ.પી.શ્રી સાગર બાગમાર, જિલ્લા વિકાસઅધિકારીશ્રીનિકુંજ પરીખ, અંજાર પ્રાંત અધિકારીશ્રી સુનીલ સોલંકી, આગેવાનશ્રી પ્રવલ આચાર્ય, મહેશ પુંજ, મહેશ તિર્થાણી, જિલ્લા વહીવટીતંત્રના તમામ શીર્ષ અધિકારીશ્રીઓ, કર્મચારીગણો, સ્વયંશ્રી પદાધિકારીઓશ્રીઓ ,આગેવાનો અને દેશપ્રેમી નાગરિકોઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

મહિસાગર જિલ્લાના પાંડરવાડા ખાતે જિલ્લાકક્ષાના '૭૫મા વન મહોત્સવ' કાર્યક્રમમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબ ઉપસ્થિત રહી શુભારંભ કરાવવામાં આવ્યો. યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ પ્રેરિત 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત યોજાયેલ આ વન મહોત્સવમાં જોડાઈને ગુજરાતને વધુ હરિયાળું તથા પ્રકૃતિ સંપન્ન બનાવવા માટે સંકલ્પબદ્ધ થઈએ. આ તકે પંચમહાલલોકસભા બેઠકનાસાંસદશ્રી રાજપાલસિંહ જાદવજી, ધારાસભ્યશ્રી, જિલ્લા કલેકટરશ્રી નેહા કુમારી, જિલ્લા વિકાસઅધિકારીશ્રી પટેલજી, પ્રાયોજના વહીવટદારશ્રીયુવરાજ સિદ્ધાર્થ, જિલ્લા પોલિસ વડાશ્રી, વન વિભાગના અધિકારીઓ સહિત જીલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

'સરકારી સેવાઓ નાગરિકોને દ્વારે'ના ઉદ્દેશ સાથે મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે 'ડાક ચૌપાલ' યોજાઈ

આગામી ૧૫મી ઓગસ્ટે ગુજરાતના ગામોમાં નાગરિકોને કેન્દ્ર-રાજ્ય સરકારની પોસ્ટ વિભાગની પ્રજાલક્ષી સેવાઓથી માહિતગાર કરાશે

કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચાર ડિજિટલ ઈન્ડિયા, નાણાકીય સામાવેશન અને અંત્યોદયને છેવાડાના નાગરિક સુધી પહોચાડવાના લક્ષ્ય સાથે ગાંધીનગર ખાતે મહિલાઓને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુ બેન બાબરીયાના અધ્યક્ષસ્થાને "ડાક ચૌપાલ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીના હસ્તે આ પ્રસંગે પોસ્ટ લ લાઈક ઈન્સ્યોરન્સ યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, જેવી પ્રજાલક્ષી યોજનાઓના લાભાર્થીઓને ચેક વિતરણ તથા મહિલા સન્માન સુરક્ષા સર્વિંગ સર્ટીફિકેટ અનાયત કરવામાં આવ્યા હતા. પોસ્ટ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતમાં આગામી, તા, ૧૫ ઓગસ્ટ 'સ્વાતંત્ર્ય દિવસે' ગામે ગામ પોસ્ટ ઓફિસ ખાતે ધ્વજવંદન સાથે ડાક ચૌપાલ થકી દરેક ગામમાં પોસ્ટ ઓફીસ દ્વારા આપવામાં આવતી કેન્દ્ર અને રાજયસરકારની વિવિધ પ્રજાલક્ષી સેવાઓ અંગે નાગરિકોને માહિતગાર કરવામાં આવશે. ગાંધીનગર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ડાક વિભાગ દ્વારા સેવાઓનો આધુનિક બનાવવા અને તેમના વિસ્તાર માટે કરવામાં આવેલ પ્રયત્નોનું પ્રદર્શન અને ચર્ચાઓ પણ કરવામાં આવી હતી. "સરકારી સેવાઓ નાગરિકોને દ્વાર" સુધી લાવવાનો લક્ષ્ય પર કેન્દ્રિત પોસ્ટ વિભાગની આપહેલ નાગરિક કેન્દ્રિતસેવાઓ જેવીકે નાણાકીય, વીમા, પેમેન્ટ્સ બેંક, ડીબીટી, ઈ-કોમર્સ અને નિકાસ સેવાઓ અંગે વધુ જાગૃતિ લાવશે. "ડાક ચોપાલ" થકી સરકારી કલ્યાણ યોજનાઓ અને તેમનો ફાયદાઓ જનતાને પોસ્ટ ઓફિસ મારફતે પહોંચાડવામાં આવે છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB) મારફતે પોસ્ટમેન અનેગ્રામીણ ડાક સેવકોહવે મોબાઈલ બેંક તરીકે કામ કરી રહ્યાંછે, જેનાણાકીય સેવાઓને નાગરિકોના ઘર સુધી પહોંચાડેછે. આજના યુગમાં ભારતીય ટપાલ વિભાગ સેવાઓને બદલાતી જતી પરિસ્થિતિ સાથે અનુકુલન સાધી દેશના તમામ નાગરિકોને પોતાની સેવા પૂરી પાડવા કાર્યરત છે. ભારતીય ટપાલ વિભાગ જન્મથી લઈને મૃત્યુ સુધી નાગરિકોને જરૂર પડતી તમામ સેવાઓ એટલે કે આધાર કાર્ડથી લઈને પવિત્ર ગંગાજળ સુધીની તમામ સેવાઓ પુરી પાડે છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ, મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવશ્રી રાકેશશંકર, અમદાવાદ ક્ષેત્રના પોસ્ટ માસ્ટર જનરલ હેડ શ્રીકિશ્ન કુમારયાદવ, ગાંધીનગર પોસ્ટ લ ડિવિઝન ના સિનિયર સુપ્રિટેન્ડન્ટ શ્રી યુધુરાજક સહિત પોસ્ટ વિભાગનાકર્મચારીઓ તમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

મહિસાગર જિલ્લાના પાંડરવાડા ખાતે જિલ્લાકક્ષાના '૭૫મા વન મહોત્સવ' કાર્યક્રમમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબ ઉપસ્થિત રહી શુભારંભ કરાવવામાં આવ્યો. યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ પ્રેરિત 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત યોજાયેલ આ વન મહોત્સવમાં જોડાઈને ગુજરાતને વધુ હરિયાળું તથા પ્રકૃતિ સંપન્ન બનાવવા માટે સંકલ્પબદ્ધ થઈએ. આ તકે પંચમહાલલોકસભા બેઠકનાસાંસદશ્રી રાજપાલસિંહ જાદવજી, ધારાસભ્યશ્રી, જિલ્લા કલેકટરશ્રી નેહા કુમારી, જિલ્લા વિકાસઅધિકારીશ્રી પટેલજી, પ્રાયોજના વહીવટદારશ્રીયુવરાજ સિદ્ધાર્થ, જિલ્લા પોલિસ વડાશ્રી, વન વિભાગના અધિકારીઓ સહિત જીલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At : Capital Offset 801/1, G.I.D.C., Sector-28 Gandhinagar, Gujarat-382028 • Published - At A-3, Plot No R-13, Tanisha Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382026